શ્રી પાર્શ્વનાથાય નમઃ
લો. મા.
દેશભક્ત.

શ્રીયુત બાલ ગંગાધર
તિલકનું

જૈન ધર્મ સંબંધી
આપેલું યાદગાર વ્યાખ્યાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર
श्री जैन लघु आत्र धर्म प्रवर्तक सभा तरफथी
शा. चंदुलाल गोकलदास.

શ્રી જ્ઞાનમન્દિર પ્રીન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપ્યું
આવૃત્તિ ૧ લી. સાંકડીશેરી રોડ—અમદાવાદ. પ્રત ૧૦૦૦

કિ. ૦-૦-૬

"પ્રભુ તમોને શું પુછશે"

તમે કેટલાં બંગલાઓ બનાવ્યા,
તમે કેટલા દામ ગાંઠે બચાવ્યા;
ચલાવી તમે કેટલી કહો દુકાનો,
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૧

તમે કેટલી રોજ ચીરૂટ ફુંકી,
તમે કેટલી વાપરી ચ્હાય ભુકી;
તમે ચાવતા કેટલા રોજપાનો,
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૨

કઇ જાતના પહેરતા બુટ જોડા,
ઘરે રાખતા કેટલા ગાય ઘોડા;
હતા કેટલા ગાડીને ગાડીવાનો,
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૩

તમે કેટલી ભાઇ ભાષા ભણ્યા છો,
બીએ કે વળી એમ ડી શું થયા છો.
થયા જેથી છે ચાંદ સી. આઇ. ઇ.નો
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૪

કઇ જાતના બાળતા ઘેર લેમ્પો,
કઇ જાતની વાપરી બેસ્ટ કેપો;
બીજો ડ્રેસ કેવો હતો પહેરવાનો,
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૫

લો. મા. બાલગંગાધર તિલકનું વ્યાખ્યાન

અને

કેસરીપત્રની સમ્મતિ.*

(૧)

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ત્રીજા અધિવેશન વખતે ઉક્ત મહાનુભાવે એક ઉત્તમ વ્યાખ્યાન મરાઠીમાં આપ્યું હતું. તેમની ઐતિહાસીક વિદ્વતા એટલી સુવિખ્યાત છે કે આ સ્થળે તેનું વિવેચન કરવાની અગત્ય રહેતી નથી. જે મહા પુરૂષનું વિશાળ હૃદય સાંપ્રદાયીક પક્ષપાતની સંકીર્ણ મર્યાદાઓ તોડી સત્યાન્વેષણ માટે જીજ્ઞાસુ હોય છે તે હૃદય કેવું યથાર્થદર્શી હોય છે તેનું આ વ્યાખ્યાન એક ઉત્તમ આદર્શવસ્તુ છે. તે વ્યાખ્યાન સંબંધે કેશરીપત્રની સમ્મતિ પણ વાંચવા યોગ્ય છેઃ—

જૈન ધર્મ પ્રાચીન હોવાનો દાવો કરે છે. જો કે હું જૈન નથી; તો પણ મેં જૈન ધર્મનો ઇતિહાસ તથા પ્રાચીન ગ્રંથોનું અવલોકન કર્યું છે અને જૈનધર્મી મિત્રોના પરિચયથી તે ધર્મનો કાંઇક અનુભવ મેળવ્યો છે, એ બે આધાર વડે હું આજે જૈન ધર્મના વિષય ઉપર કાંઇક બોલવા ઇચ્છા રાખું છું. મારે કઇ ભાષામાં વ્યાખ્યાન દેવું એ એક કઠીન પ્રશ્ન છે, પરંતુ અંગ્રેજી કરતાં મરાઠીમાં આપવું હું ઠીક

---

* જૈન પત્ર ઉપરથી.

સમજુ છું, કેમકે શ્રોતૃવર્ગનો મોટો ભાગ તે ભાષા સમજી શકશે એમ જણાય છે. હું જૈન ધર્મની વિરૂદ્ધ બોલવા ઉભો થયો નથી, પણ તેને અનુકૂળ થોડા શબ્દો બોલવા માગું છું. જૈન ધર્મ વિશેષ કરીને બ્રાહ્મણ ધર્મ સાથે અત્યંત નિકટનો સંબંધ રાખે છે. જૈન એ હિંદુઓજ છે, હિંદુઓથી બહાર નથી. તેઓ હિંદુઓથી જુદા નજ ગણી શકાય. અનેક મહાશયો જૈનોને હિંદુઓથી પ્રથક ગણવા માગે છે, અને હિંદુ ધર્મથી જૈન ધર્મને નિરાળો ગણે છે; પણ યથાથ રીત જોવાય તો જૈન એ હિંદુ ધર્મજ છે. જૈન સમુદાય એ હિંદુ કોમમાંજ છે. જે હિંદુ ધર્મમાં અન્ય અનેક ધર્મની ગણના થાય છે, તેમાં જૈન ધર્મની પણ થવી જોઇએ. કેટલાક એમાં ભેદ હોવાનું જણાવે છે પણ તે ભેદ ખરો નથી. જૈન અને બ્રાહ્મણ એ બન્ને હિંદુ ધર્મો છે. ગ્રંથો અને સામાજીક વ્યાખ્યાનો ઉપરથી જણાય છે કે જૈન ધર્મ અનાદિ છે તે વાત નિર્વિવાદ અને મતભેદ રહિત છે, એ વિષયમાં ઇતિહાસની મજબુત સાબીતીઓ છે, અને ઇસ્વીસન પહેલાં પ૨૬ વર્ષ તે ધર્મ પ્રચલીત હોવાનું સિદ્ધ પણ છેજ. હિંદુ ધર્મના અભ્યાસીઓ જાણતા હોવા જોઇએ કે શકવાળાઓનો શક ચાલી રહ્યો છે. મુસલમાનોનો શક, ખ્રિસ્તીઓનો શક, વિક્રમનો શક, શાલિવાહનનો શક, તે પ્રકારે જૈન ધર્મમાં મહાવીરસ્વામીનો શક ચાલી રહ્યો છે, જેને ૨૪૦૦ વરસ થઇ ચુકયાં છે. શક ચલાવવાની કલ્પના જૈન બંધુઓમાં ઉત્પન્ન થઇ છે. કહેવાય છે કે જૈન શક અગાઉ યુધિષ્ઠિ-

રનો શક ચાલતો હતો, પરંતુ આ કલ્પના વર્તમાનમાં સંબંધ વિનાની છે. જો કે જૈન ધર્મ પ્રાચીનતામાં પ્રથમ સ્થાને નથી, તો પણ હાલ પ્રચલીત ધર્મોમાં જે પ્રાચીન છે તેમાં એ પણ પ્રાચીન છે. જૈન ધર્મની પ્રભાવના મહાવીરસ્વામીના કાળમાં થઇ હતી. જૈન ધર્મને મહાવીરસ્વામી પુનઃપ્રકાશમાં લાવ્યાને આજે ૨૪૦૦ વરસો થઈ ગયા છે, તે વખતથી આજસુધી જૈન ધર્મ અસ્ખલીત પ્રવાહે ચાલી રહ્યો છે. તેજ પ્રકારે બ્રાહ્મણ ધર્મ અથવા હિંદુ ધર્મ પણ પ્રાચીન છે. વર્તમાનમાં જે હિંદુઓ છે તે એક વખતે ચાર વર્ણમાં વહેંચાયેલા હતા, તેમાં જૈનો પણ છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર એ ચાર વર્ણ હતા. એ ચાર વર્ણોમાંથી જૈનીઓનો સમુદાય ઉત્પન્ન થયેલો છે તેથી તે બન્ને ધર્મોની સમાનતા આજસુધી વ્યક્ત રહી છે. એ બન્ને ધર્મોની એકતા પ્રગટ રીતે જાણી શકાય છે અને જુદાપણાની બ્રાન્તિનું નિવારણ અભ્યાસથી થઈ શકે છે. હવે એ બ્રાન્તિને ટકવાનું સ્થાન નથી. ગૌતમબુદ્ધ મહાવીરસ્વામીનો શિષ્ય હતો, એમ પુસ્તકો ઉપરથી જણાય છે એથી સ્પષ્ટ થાય છે કે બૌદ્ધ ધર્મની સ્થાપના પહેલા જૈન ધર્મનો પ્રકાશ ફેલી રહ્યો હતો, આ વાત વિશ્વાસ કરવા યોગ્ય છે. ગૌતમ અને બૌદ્ધના ઇતિહાસમાં વીશ વરસનો અંતર રહે છે. ચોવીસ તીર્થંકરોમાં મહાવીરસ્વામી અંતિમ તીર્થંકર હતા. તે ઉપરથી પણ જૈન ધર્મની પ્રાચીનતા જાણી શકાય છે. બૌદ્ધ ધર્મ પાછળથી થયો એ વાત નિશ્ચિત છે. બૌદ્ધ ધર્મના

તત્વો એ જૈન ધર્મના તત્વોનું અનુકરણ છે.

બ્રાહ્મણ ધર્મ ઉપર જૈન ધર્મની છાપ-

મહાશયો ! આ સ્થળે મારે એક આવશ્યક વાત પ્રગટ કરવાની રહે છે. તે એ છે કે લગભગ ૫૦૦-૬૦૦ વર્ષ પહેલા જૈન ધર્મ અને બ્રાહ્મણ ધર્મ સબંધી તકરાર મચી રહેલી હતી. મતભેદ અને વિચાર ભેદના કારણોથી જેવા પ્રસંગો નિરંતર આવ્યા કરે છે તેવો આ પણ એક પ્રસંગ હતો. તેમાં એક જીતે અને એક હારે છે જેમાં મતભેદ પડે છે. પણ ભેદ ગણવા જેવો નથી. શ્રીમાન મહારાજ ગાયકવાડ સરકારે પહેલે દિવસે કોન્ફરન્સમાં કહ્યું હતું તેમ જૈનોના અહિંસા પરમો ધર્મ એ ઉદાર સિદ્ધાંતે બ્રાહ્મણ ધર્મ ઉપર ચિર સ્મરણીય છાપ મારી છે. યજ્ઞયાગાદિકમાં પશુ વધ થઇ યજ્ઞાર્થે હિંસા થતી હતી તે આજકાલ બંધ થઇ છે તે જૈન ધર્મે એક મોટી છાપ બ્રાહ્મણ ધર્મ ઉપર મારી છે. પૂર્વકાળમાં યજ્ઞના મ્હાને અસંખ્ય પશુઓની હિંસા થતી હતી. જેનું પ્રમાણ મેઘદુત કાવ્ય અને બીજા અનેક ગ્રંથોથી મળી આવે છે. રતિદેવરાજાએ જે યજ્ઞો કર્યા હતા તેમાં તેણે એટલા પશુઓનો વધ કર્યો હતો કે તેમના લોહી વડે નદીએનું પાણી લાલરંગનું બની ગયું હતું. તે કાળથી નદીનું નામ ચર્મવતી પ્રસિદ્ધ છે. પશુવધથી સ્વર્ગ મળવાનો પૂર્વકાળે જે ખ્યાલ હતો તેની આ કથા • એક સાક્ષી છે. આ અઘોર હિંસાથી બ્રાહ્મણો આજે મુક્ત છે તેનો યશ જૈન ધર્મને છે.

ઝગડાનું મુળ.

બ્રાહ્મણ ધર્મ અને જૈન ધર્મ બન્નેના ઝગડાનું મુળ હિંસા હતી. એ મુળ હવે નષ્ટ થઈ ગયું છે. અને એમ થતાં જૈનોએ હિંદુઓને અથવા બ્રાહ્મણોને અહિંસા ધર્મી બનાવ્યા છે. કોઇપણ જીવને મારવો, તેનો પ્રાણ લેવો એ હિંસા છે. બૌદ્ધ ધર્મમાં જો કે હિંસાનો નિષેધ છે તો પણ ચીન વિગેરે દેશોમાં પારાવાર હિંસા બૌધ્ધોમાં ચાલી રહી છે. હિંદુસ્થાનમાં બૌધ્ધો ટકી ન શકયા તેનું આ એક કારણ છે. બાઇબલમાં કહ્યું છે કે, do not kill હિંસા કરો નહી. પણ તેનો અર્થ ખ્રિસ્તી લોકો એટલો જ કરે છે કે "ખુન ન કરો." આ પ્રકારે બાઇબલની આજ્ઞાનો પણ જુદો જ અર્થ ઘટાવવામાં આવ્યો છે. જો કે યુદ્ધમાં તેઓ હજારો મનુષ્યોનો સંહાર કરી નાખે છે, પણ તેમાં રાજાની આજ્ઞાને કારણભૂત ગણે છે. કહેવાનું તાત્પર્ય કે તેઓમાં અહિંસાનો અર્થ બહુ જ સાંકડો કરવામાં આવે છે. તે કારણથી હિંદમાં જે લાખો પશુઓનો સંહાર થાય છે તેના પાપનો ભાર ખ્રિસ્તી ધર્મના ફરમાનનો આવો અર્થ સમજાવવાવાળાઓ ઉપર રહેછે. પરંતુ બ્રાહ્મણ ધર્મ ઉપર જૈનોએ જે સજજડ છાપ મારી છે તેનો યશ જૈન ધર્મને આપવો જોઇએ. અહિંસાનો સિદ્ધાંત જૈનોમાં પ્રારંભથી જ છે. અને એ તત્વ સમઝાવવાની ખામીના કારણે બૌદ્ધ ધર્મે પોતાના ચીની અનુયાયીઓને સર્વ ભક્ષી કરી મૂકયા છે.

બ્રાહ્મણ અને હિંદુ ધર્મમાં માંસભક્ષણ અને મદિરાપાન બંધ થઇ જવાનો પ્રતાપ પણ જૈન ધર્મનો છે. અહિંસા અને દયાની પ્રીતિથી ઘણા જનોનાં હૃદય હિંસાના દુષ્કૃત્યથી એવા તો ઉકળી આવ્યાં કે તેઓએ સ્પષ્ટ રીતે કહી દીધું કે જે વેદ હિંસાનું પ્રતિપાદન કરે છે, તે વેદ અમને અમાન્ય છે. જે દેવ હિંસાથી પ્રસન્ન થાય છે તે દેવની અમારે જરૂર નથી, અને જે ગ્રંથમાં હિંસાનું વિધાન છે તે ગ્રંથને અમારાથી દૂર રાખો. દયા અને અહિંસાની આવી સ્તુતિયોગ્ય પ્રીતિ જૈન ધર્મેજ પ્રગટાવી છે અને સ્થિર રાખી છે અને ભવિષ્યમાં પણ તેના પ્રભાવથીજ સ્થિર રહેશે. આ અહિંસા ધર્મની છાપ જ્યારે બ્રાહ્મણો ઉપર પડી અને હિંદુઓને અહિંસા પાળવાની આવશ્યક્તા આવી પડી, ત્યારે યજ્ઞમાં પશુવધ થતો અટક્યો અને મહાવીરસ્વામીવડે ઉપદેશાયેલું ધર્મતત્વ સર્વ માન્ય થયું. અને અહિંસા જૈન તેમજ બ્રાહ્મણમાં માન્ય થઇ. બ્રાહ્મણ ધર્મમાં બીજી ખામી એ હતી કે ચારે વર્ણ અર્થાત બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શુદ્રોને સર્વને સમાન અધિકાર નહોતો યજ્ઞયાગાદિ કર્મ માત્ર બ્રાહ્મણોજ કરતા, ક્ષત્રી અને વૈશ્યોને એ અધિકાર ન હતો અને બિચારા શુદ્રો તો એ વિષયમાં બેનસિબજ હતા, તેમજ મુક્તિ મેળવવાનો પણ ચારે વર્ણને સરખો અધિકાર ન હતો. આ ખામી પણ જૈન ધર્મે દુર કરી. પાછળથી શ્રીમાન શંકરાચાર્યે પણ જે બ્રાહ્મણ ધર્મનો ઉપદેશ આપ્યો છે તેમાં પણ તેમણે અહિંસાને ધર્મનું મુખ્ય તત્વ દર્શાવ્યું

છે. ભગવદ્‌ગીતામાં પણ એમ જણાવ્યું છે કે ભક્તિયોગથી સ્ત્રી અને શુદ્રો મોક્ષ મેળવી શકે છે. જે રીતે જૈન ધર્મે મુક્તિનો માર્ગ સર્વ માટે એક સરખો ખુલ્લો મુકયો છે તે પ્રકારે બ્રાહ્મણ ધર્મે પણ પોતાના માન્ય ગ્રંથો દ્વારા તે દર્શાવ્યો છે, અર્થાત મોક્ષ અને અહિંસાના તત્વો તે ઉભય ધર્મમાં સરખા માનવામાં આવ્યા છે. જૈનધર્મી વેદને નથી માનતા, તેમ ખ્રિસ્તી વિગેરે પણ વેદને નથી માનતા, તો પણ જૈન ધર્મ એ એક હિન્દુ ધર્મ છે અને તે બ્રાહ્મણ ધર્મથી અત્યંત નિકટનો સબંધ રાખે છે. પૂર્વકાળમાં અનેક બ્રાહ્મણ અને જૈનો જૈન ધર્મના ધુરંધર વિદ્વાનો થઇ ગયા છે, અને વિદ્યા પ્રસંગમાં બન્નેનો મૂળથીજ પ્રગાઢ સબંધ છે. બ્રાહ્મણ ધર્મ જૈન ધર્મને મળતો હળતો રહ્યો તે માટેજ તે નભી રહ્યો છે. બૌદ્ધ ધર્મ જૈન સાથે ન મળતો રહ્યો તેથી તે હિંદમાં નભી શકયો નહીં, માત્ર તેનું નામ શેષજ રહ્યું. જૈન ધર્મ અને બ્રાહ્મણ ધર્મનો પાછળથી કેટલો સબંધ બંધાયો હતો તે જ્યોતિષ શાસ્ત્રી ભાસ્કરાચાર્યના ગ્રંથથી મળી આવે છે. તે આચાર્યે જ્ઞાન, દર્શન અને ચારિત્રને ધર્મના તત્વ તરીકે દર્શાવ્યા છે; તેણે કહ્યું છે કે જૈન અને બ્રાહ્મણ ધર્મ ખાસ કરીને નિકટના સબંધવાળા છે. એકજ આર્ય પ્રજાના તે બે ધર્મ છે. આવો બન્ને ધર્મોનો નિકટનો પ્રસંગ હરહમેશ લક્ષમાં રહેવો જોઇએ અને પરસ્પર ઐકય વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. સ્વર્ગસ્થ વીરચંદ રાઘવજી ગાંધી જેઓ અમેરીકા ગયા હતા અને ચિકાગોના પ્રદર્શન

વણને સ્વામી વિવેકાનંદજીની સાથે ધર્મના વ્યાખ્યાનો આ-
પતા હતા, તેઓ મને કહેતા હતા "વિવેકાનંદ અને હું
બન્ને હિંદુ ધર્મનો બોધ અમેરિકાના લોકોને આપતા રહ્યા
છીએ." બંધુઓ! આપણો ધર્મ હિંદની બહાર શા માટે
સ્થાપિત ન થવો જોઇએ! અંગ્રેજ સરકારે આપણા હાથમાં
હથિઆર રહેવા દેવાની જરૂર નથી વિચારી અને અમારે
કામ પણ નથી; પરંતુ આપણું ધર્મરૂપી હથિઆર આપણને
સર્વ દેશોમાં વિજય-લાભ અપાવે એવું કરવું જોઇએ. આ-
પણે આપણું આચરણ આપણા ધર્મને અનુકુળ રાખીશું તો
ગમે તે સ્થાને આપણે એકતાથી રહી શકીશું. આપણે અ-
ત્યારે વિજય-લાભ નથી મેળવી શકતા તેનું કારણ આપણું
અજ્ઞાન અને આળસ છે. તમામ જૈન બંધુઓ અને બ્રાહ્મણ
ધર્મ પાળવાવાળાઓએ પરસ્પર એક માબાપના બે પુત્રોની
માફક, તેમ જ એકજ પુરૂષના ડાબા જમણા બે હાથની
માફક એકતા સમજી એક બીજાથી હાથ મીલાવી આપણા
અહિંસા ધર્મના અભ્યુદય માટે ભેદબુદ્ધિ રહિત પ્રયત્ન ક-
રવો જોઇએ. કાળે કરી જરૂર આપણને યશ મળશેજ.

કેસરી પત્રની સમ્મતિ.

ત્રીજી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની બેઠકનું કામ બહુ
રૂડા પ્રકારે સંપૂર્ણ થયું છે, એ આનંદની વાત છે. કાયસ્થ,
વૈશ્ય, વૈષ્ણવ આદિ ભાઇઓની જાતિની આજકાલ જે સ્વ-
તંત્ર સભાઓ થવા લાગી છે, તેમાં જૈન પરિષદની ગણના

થાય છે. પરંતુ તેમાં જૈન કોન્ફરન્સનું કાર્ય કાંઇક જુદાજ પ્રકારનું છે. વર્તમાનમાં જૈનોનો જે સમાજ છે તે પ્રાયઃ વ્યાપારીવર્ગનો જ છે. પૂર્વકાળમાં અનેક વિદ્વાન જૈનો થઇ ગયા છે. હજી પણ તેમના લખેલા કાવ્યો, વ્યાકરણ, ન્યાય અને તત્ત્વજ્ઞાનના અનેક ગ્રંથો ઉપલબ્ધ છે. પરંતુ શંકરાચાર્ય દ્વારા જૈન તત્ત્વજ્ઞો સાથે નિરાકરણ થયા પછી અને વેદાન્તની સ્થાપના થયા પછી જૈનની વિદ્વતા પરંપરા કાળચક્રમાં લુપ્ત થઇ ગઇ છે. તેમનામાં ગ્રંથોનું પરિશીલન કરનારા વિદ્વાનોની સંખ્યા દૃષ્ટિગોચર બહુ ઓછી થાય છે. ધર્મદૃષ્ટિથી જોતાં એવા વિદ્વાનોની ખામી પૂર્ણ કરવી એ જૈનોનું પ્રથમ કર્ત્તવ્ય છે. વર્તમાન સમયમાં તેમને બ્રાહ્મણ વર્ગની મદદ મળવાનો સંભવ છે. રા. રા. તિલકે તેમને વ્યાખ્યાનમાં કહ્યું છે તે અનુસાર જૈનોનું તત્ત્વજ્ઞાન જો કે આજકાલ પ્રચારમાં નથી; તો પણ તેમના અહિંસા આદિ આચારોની છાપ બ્રાહ્મણધર્મ ઉપર પૂર્ણ રીતે અંકિત થયેલી છે, અને જો કે શંકરાચાર્યે જૈનધર્મનું ખંડન કર્યું છે, તો પણ તેમને જૈનોના આચારની બ્રાહ્મણધર્મ ઉપર દૃઢ પડેલી છાપ સ્વીકારીનેજ પોતાનું કાર્ય કરવું પડ્યું હતું. જૈનધર્મ અને બ્રાહ્મણધર્મના સબંધમાં આ ઘટના બહુ મહત્ત્વની છે. તે કારણથી તેને જૈનોએ તેમજ બ્રાહ્મણોએ લક્ષમાં રાખવી ઘટે છે. રામાયણ મહાભારત અથવા પુરાણની કથાઓ, દેવો અને યોગશાસ્ત્રના તત્ત્વો જૈનો અમારા જેવાજ માને છે. વધારે તો શું! જૈનો ભારતના આર્યલોકના બંધુવર્ગમાંજ છે.

પરદેશમાંથી આવેલા નથી. એક કાળે એવી વસ્તુસ્થિતિ હતી કે વેદધર્મવાળા જૈનમાં અને જૈનધર્મવાળા વેદધર્મમાં સ્વેચ્છાવડે જઇ આવી શકતા હતા અને આ પદ્ધતિ હજી પણ થોડી ઘણી પ્રચારમાં છે. જૈનીઓ વૈષ્ણુવ થઇ ગયા ના અને વૈષ્ણવો જૈન બની ગયાના અનેક તાજા ઉદાહરણો છે. મતલબ કે જૈનધર્મ જો કે વેદધર્મથી ભિન્ન છે તો પણ તે બન્નેનો મતભેદ ખ્રિસ્તીધર્મમાં Established Church (પ્રસ્થાપિત ખ્રિસ્તીધર્મ) અને Non-Conformist (પ્રસ્થાપિત ધર્મથી ભિન્ન) એ બે ભેદોની માફક, ગૌણ છે એ વાત જૈન અને વૈદિકો બન્નેએ સ્મરણમાં રાખવી જોઇએ બન્ને ધર્મો એક જ શરીરના ડાબા જમણા હાથ છે. જો તે બન્ને ધર્મો અહિંસા આદિ તત્ત્વોનું સંસારભરમાં પ્રસાર કરવાનું કાર્ય પોતાને ઇષ્ટભૂત ગણી એક વિચારથી કરવા માંગે તો, પરમ અહિંસા ધર્મની ધ્વનિ પૃથ્વીનાં સંપૂર્ણ રાજ્યોમાં ફરકાવવામાં કશું વિઘ્ન નડે નહીં. એક સમય એવો હતો કે જ્યારે તે બન્ને ધર્મ વચ્ચે થોડો ઘણો વિરોધ હતો અને એ વિરોધના પરિણામે જે કાંઇ થવા યોગ્ય હતું તે થઇ ગયું છે. હવે સમય એવો આવી લાગ્યો છે કે વૈદિકધર્મી લોકો પણ આચારમાં જૈનધર્મી અને જૈનીઓ તત્ત્વજ્ઞાનમાં વૈદિકધર્મી બની ગયા છે. આ સ્થિતિ ધ્યાનમાં રાખી જો બન્ને જણ પોતાની ઉન્નતિ માટે પ્રયત્ન કરે તો અધિક લાભદાયક થાય એમ કહેવાની જરૂર નથી.

આ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો જૈન પરિષદે

શું શું કાર્ય કરવાનું છે તેનો નિશ્ચય સ્વયં થઇ જાય છે. વૈદિક લોકોમાં વર્ત્તમાન સામાજીક રિત–રિવાજો સુધારવાનો જે પ્રયત્ન ચાલી રહ્યો છે તે પ્રયત્નોનો મોટો ભાગ જૈનો માટે અનાવશ્યક છે. કેમકે બાળવિવાહ અને જ્ઞાતિભેદ જૈનોમાં રૂઢ નથી. સ્ત્રી શિક્ષણ અને પરદેશગમન સંબંધી થોડી ઘણી ખટ પટ કરવી પડશે. પરંતુ તેમાં તેમને ધાર્મીક અવરોધ નડતો નથી. તેથી ઉલટું પૂર્વથી જ તે ધર્મની પ્રણાલી એવી છે કે તેથી પરદેશગમન કરવામાં ટેકો મળે છે. પરદેશગમન જૈન-ધર્મીઓમાં નિષિદ્ધ છે એમ જો કોઇ માનતું હોય તો તે ઠગાય છે. વધારે તો શું પણ અહિંસાતત્વનો આખા વિશ્વમાં પ્રસાર કરવો એ જૈનોનું કર્ત્તવ્ય છે અને વૈદિકો તે આચા-રને ગ્રહણ કરે તો તેમનું પણ કર્ત્તવ્ય છે. તેથી જૈન સમા-જને અમારી એ સુચના છે કે તમણે આ કાર્ય ઉત્સાહથી પોતાના હાથમાં લેવું જોઇએ. દેશની ઉન્નતિ માટે માંસા-હારની જરૂર છે એવો જે અનેક લોકોનો અભિપ્રાય છે તે ભૂલ ભરેલો છે. હર્બટ સ્પેનસર જેવા તત્વજ્ઞોને પણ અહિંસા તત્વ એક વખત માન્ય હતું. જોકે શરીરના કુલ પરંપરાગત સંસ્કારથી માંસાહાર છોડી શકાતો નથી તોપણ આ દાખ-લાથી અહિંસાધર્મની યોગ્યતા સારી પેઠે સમજાય છે. અને અમારો એવો વિશ્વાસ છે કે તેનો સર્વત્ર પ્રસાર કરવાનો પ્રયત્ન જો જૈનધર્મી અને વૈદિકધર્મી ભાઇયો કરે તો તેમને જરૂર યશ મળવાનોજ. હિંદુસ્થાનના લોકોને સમજાવવા માટે રોમન કેથોલીક અને પ્રોટેસ્ટંટો એક થઇ જાય છે, તેમ આ-

હિંસા ધર્મનો પ્રચાર દેશદેશાંતરમાં કરવા માટે જૈન અને વૈદિક ધર્મ બન્નેએ એક થવાની અગત્ય છે.

ધર્મગ્રંથોનો ઉદ્ધાર અને અભ્યાસ, મંદિરોનો જીર્ણોદ્ધાર અને અહિંસાનો પ્રસાર, તે શિવાય જૈન પરિષદે હાથમાં લેવા યોગ્ય વિષય વ્યાપારનો છે. જૈનધર્મી લોકો પ્રાયઃ વ્યાપારીઓ છે તે ઉપર કહેવામાં આવ્યું છે. વ્યાપારીઓ હોવાથી તેમની પૈસા સંબંધી સ્થિતિ બ્રાહ્મણો કરતાં સારી છે. પણ તેટલાથી તેમણે સંતુષ્ટ થઇ જવું વ્યાજબી નથી અંગ્રેજી અમલમાં ઉદ્યોગ ધંધાની જે પડતી આજ થતી ચાલે છે તેવા કામમાં જૈનીઓની સાંપત્તિક સ્થિતિ જેવી આજે છે તેવી આગળ બની રહેશે કે કેમ તેનો નિશ્ચય નથી. તેથી અમો તેમને સૂચિત કરીએ છીએ કે વર્તમાન વિશ્વવ્યાપી વ્યાપારમાંથી બને તેટલો ભાગ પોતાના હાથમાં આવે એનો પ્રયત્ન કરવા માટે શિક્ષણદ્વારા અથવા અન્ય રીતે લક્ષ રાખવું જોઇએ. આ પ્રસ્તાવ રાજકીય નથી પણ વ્યાપારી છે. તેથી રાજ્યની પણ સહાય તેમને મળવાની સંભાવના છે. જૈન પરિષદે વર્તમાનમાં જે વિષયો ઉઠાવ્યા છે તેમાં વ્યાપાર વિષયને જેટલું પ્રાધાન્ય મળવું જોઇએ એટલું મળ્યું જણાતું નથી તેથી ઉપરની સૂચના કરવાની જરૂર પડી છે. તેજ પ્રકારે જૈન ધર્મના ગ્રંથોના પરિશીલન માટે અને ઉદ્ધાર અર્થે જેમ જર્મન પંડિત પ્રયત્ન કરી રહ્યા છે તેમ જૈનધર્મી ગ્રેજ્યુએટોએ થોડો ઘણો પ્રયત્ન આસ્થાપૂર્વક પોતાના ધર્મગ્રંથોના અધ્યયન માટે કરવો એવી હમારી તેમના પ્રત્યે પ્રાર્થના છે.